**દાખલ તારીખ: ૦૯/૦૩/૨૦૨૬**

**નોધ્યાં તારીખ: ૦૯/૦૩/૨૦૨૬**

**હુકમ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬**

| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દીવસ** |
| --- | --- | --- | --- |
| | **૦૦** | **૦૦** | **૦૧** |

**મોરબી ના માહે ત્રીજા એડીશનલ ચીફ જયુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં**

**મોરબી**

**ક્રિ.પ્રા.અરજી. નં.૨૦૪/૨૦૨૬**

**અરજદાર/આરોપી**– શાહબુદદીન મલીક
રહે,મુરાદાબાદ, ઉત્તર પ્રદેશ

**વિરુધ્ધ**

**સામાવાળા**– એરીક સીરામીક ઈન્ડસ્ટ્રીઝ,
મુકુન્દભાઈ નરશીભાઈ પટેલ

**નેગોશીએબલ ઈન્દ્રુ. એકટની કલમ–૧૩૮ ના કામે વોરંટી અટક કર્યા બાદ આરોપીની જામીન અરજી.**

**૧.** આજરોજ આરોપીઓના વિદવાન વકીલશ્રી એ જામીન અરજી રજુ કરતા જામીન અરજી તથા ફરીયાદ વંચાણે લીધી. આરોપીઓના વિ.વ.શ્રીને વિગતવાર સાંભળ્યા.

**૨.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી ની મુખ્ય દલીલ એવી છે કે, હાલના કામે આરોપી હાજર થયા બાદ તેઓને તારીખની જાણ થયેલ ન હોય તેથી હાજર રહેલ ન હોય વોરંટ નીકળતા આરોપીને અટક કરી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આરોપી નાસી–ભાગી જાય તેવા નથી. કુટુંબવાળાઓ છે. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરશે જેથી આરોપીઓને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**૩.** ફરીયાદપક્ષે રજુઆત છે કે, ફરીયાદી તર્ફે તેમના વકીલશ્રી હાજર થઈ

આરોપીને જામીન મુકત કરવા સામે વાંધો લીધેલ છે.

**૪.** બંને પક્ષની દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદ વંચાણે લેતાં જણાઈ આવે છે કે , આરોપી હાજર ન હોય વોરંટ નીકળેલ છે. આજ રોજ આરોપીને અટક કરીને રજુ કરેલ હોય અને આરોપીની પ્લી નોંધાઈ ગયેલ હોય અને કામની કાર્યવાહી આગળ વધે તેવી ખાત્રી આરોપીના વકીશ્રી દવારા આપેલ હોય તે ધ્યાને રાખી આરોપીને નીચેની શરતો સાથે જામીન મુકત કરવા યોગ્ય જણાતુ હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

આરોપીઓની જામીન અરજી આથી ' **મંજુર**' કરવામાં આવે છે.

અરજદાર/આરોપી રૂા.૨૫,૦૦૦/- ના સધ્ધર સ્થાનીક જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપ્યેથી તથા રૂ. ૧,૦૦,૦૦૦/- રોકડ જામીનગીરીના જમા કરવ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૧). આરોપીએ પોતાનુ રહેણાંકનુ સરનામુ થતા મોબાઈલ નંબર એફીડેવીટથી જાહેર કરવુ અને કોર્ટ પરવાનગી વગર તેમા બદલાવ કરવો નહી.

(૨). આરોપીને પાસપોર્ટ ધરાવતા હોય તો દીન-૭ મા અત્રેની કોર્ટમા જમા કરાવવો અને પાસપોર્ટ ન હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ રાખવુ.

**હુકમ આજરોજ તા. ૦૯ મી માહે- માર્ચ સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૦૯/૦૩/૨૦૨૬.**
**મુકામ : મોરબી**

**ત્રીજા અધીક સિની. સીવીલ જજ અને**
**એડી. ચીફ જ્યુડી.મેજી.મોરબી.**